# કલમ કડછી ને બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ


બરછી કાર્યાલય C/o.ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઇન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

માર્ચ–૨૪ | વર્ષ : ૬૦
વર્ષ : જાન્યુઆરીથી ડીસેમ્બર | વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫




એક વ્રત કે ઉપવાસ એવો કરીએ ,
ન કોઈની એમાં નિંદા કરીએ.
રડતા ને હસાવી દઈએ,
થોડું સત્કર્મનું ભાથુ ભરીએ .
એક વ્રત કે ઉપવાસ એવો કરીએ.
નિરક્ષરને કાજે અક્ષર ધરીએ ,
અંધાર એનો હરીલઈએ
ભૂખ્યા માટે ભોજન બનીએ
ને તરસ્યાનું જળ થઈએ.
રસ્તો બની ન શકીએ કોઈનો
તો, અડચણ પણ ના થઈએ .
એક વ્રત કે ઉપવાસ આવો કરીએ ....
માનવતાને હૈયે ધરીએ,
ભલે ના કંઠી, માળા ધરીએ ,
બસ થોડી પરની પીડા હરીએ .
મળવું હોય જો પ્રભુને તો ,
પહેલા પોતાની જાતને મળીએ.
ના ધર્મના નામે ધતિંગ કરીએ ,
કેવલ કર્મની ચિંતા કરીએ.

- નિધિ મહેતા 'ખુશી' - અમદાવાદ

## સમાચાર સંચય :

ભાવનગર : શ્રી ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડની યુવા પાંખ દ્વારા તા.૧૧/૨ના રોજ શ્રી હરિ નાગર નિવાસ ખાતે 'વસંતના વધામણા' સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાય ગયો.કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી નિરવભાઈ મહેતાના હસ્તે અને નવનિર્મિત યુવા પાંખના કન્વીનર શ્રી રીખવ મહેતા અને તેની ટીમ,મહિલા પાંખના કન્વીનર પૌરવીબેન મહેતા તથા ટ્રસ્ટીશ્રીઓની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું.બાદમાં ટ્રસ્ટી શ્રી રાજલભાઈ ઓઝાએ શબ્દોથી,મહિલા પાંખના મંત્રી શ્રીમતી દેવીકાબેન દેસાઈએ અને સંસ્થાના મંત્રીશ્રી ધર્મેન્દ્રભાઈ મહેતાએ પુસ્તક આપી સ્વાગત કર્યા બાદ સંસ્થાના ટ્રસ્ટી શ્રી જ્વલંતભાઈ દેસાઈએ પ્રાસંગિક પ્રવચનમાં સંસ્થાની નવી પ્રવૃત્તિઓની માહિતી આપી,'વસંતના વધામણા' શિર્ષકની યથાર્થતા સમજાવી હતી.મુખ્ય મહેમાન શ્રી નિરવભાઈએ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથેના પોતાના સંભારણા તાજા કરી,મુખ્ય મહેમાન દરજ્જે સ્થાન આપવા બદલ આભારની લાગણી વ્યકત કરી હતી.બાદ યુવાપાંખ વતી શ્રીમતી દીપાબેન ઓઝાને તેમનો પ્રતિભાવ વ્યકત કર્યો હતો.યુવા પાંખના કન્વીનર શ્રી રીખવભાઈએ તેમની જોશીલી વાણીમાં દિલથી અને વયથી યુવા એવા સૌ કોઈને સંસ્થા તરફથી શરૂ કરવામાં આવેલી પહેલમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું.

સંસ્થા તરફથી પ્રમુખશ્રી દધિચીભાઈ મહેતાએ મુખ્ય મહેમાન શ્રી નિરવભાઈ મહેતાને સ્મૃતિ ભેટ અર્પણ કરી હતી. કાર્યક્રમના બીજા તબક્કામાં યુવાપાંખના કલાકારો શ્રીમતી મિતાલીબેન મહેતા,શ્રીમતી અભિજ્ઞા બેન દેસાઈ, ભાવિનભાઈ વોરા તથા કૈરવભાઈ વૈદ્યએ વસંતને વધાવતી રચનાઓની મધુર સ્વરમાં પ્રસ્તુતિ કરી હતી.

શ્રી દર્શકભાઈ મહેતાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.ટ્રસ્ટી શ્રી અભિજીતભાઈના આભાર દર્શનના અંતે ઢળતા શિયાળાની ઢળતી સાંજને અનુરૂપ અલ્પાહારનો આનંદ લઈ સૌ છૂટા પડયા હતાં.

(અહેવાલ : પ્રશાંતભાઈ એમ.વોરા)

વડોદરા : કરજણ તાલુકાના બોડકા ગામની સી.એન.ઝેડ.સી. હાઈસ્કૂલ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વિશ્વ માતૃ ભાષા દિન નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાય ગયો.જેમાં આમંત્રિત મુખ્ય વકતા તરીકે, વડોદરાના આયુર્વેદ તજજ્ઞ અને જાણીતા હાસ્યકાર ડો.રાજેન્દ્ર હાથીએ 'ગુજરાતી ભાષાનું હાસ્ય સૌંદર્ય' વિષય ઉપર તેમની લાક્ષણિક રમૂજી શૈલીમાં વક્તવ્ય આપી સૌની દાદ મેળવી હતી.એકેડેમી તરફથી તેઓને રૂા.૩૦૦૦/ પુરસ્કાર આપવામાં આવેલ.

અમદાવાદ : વંદેમાતરમ્,ગોદરેજ ગાર્ડન,ગોતા,અદાણી શાંતિગ્રામ જેવા વિસ્તારોના જ્ઞાતિબંધુઓનો સંપર્ક સેતુ રચવા સ્થપાયેલ 'હાટકેશજન' પરિવારના ઉપક્રમે તા.૨૦ જાન્યુઆરીના રોજ સાંગિતીક કાર્યક્રમનું આયોજન થઈ ગયું.જેમાં જ્ઞાતિના યુવાનોથી સિનિયર સીટીઝન એવા વયસ્ક બંધુઓએ કરાઓકે સિસ્ટમ ઉપર ફિલ્મી ગીતો રજૂ કર્યા,તો શિકાગોથી ભારતની મુલાકાતે આવેલ શ્રી સંજયભાઈ અવાશિયાએ કીબોર્ડ ઉપર તથા શ્રી જ્વલંત વોરાએ માઉથઓર્ગન ઉપર ફિલ્મી ધૂનો રજૂ કરી સૌને મનોરંજીત કર્યા હતા.અંતમાં શિયાળુ વાનગી ઓળો, પરોઠા, ઘી–ગોળનો આસ્વાદ લઈ સૌ વિખરાયા હતાં.આ આયોજન માટે સર્વશ્રી પરેશભાઈ વોરા,દેવવ્રતભાઈ મહેતા, ભાવિન વસાવડા,હિમાંશુ વૈદ્ય,દુર્ગેશ વૈશ્નવે જહેમત લીધી હતી.

શુભ લગ્ન : અમદાવાદ સ્થિત શ્રીમતી પૂર્વીબેન દક્ષેષભાઈ છાયાનાં પુત્રી તર્જનીનાં લગ્ન શ્રીમતી નીરાબેન આશીષભાઈ મજમુદારના પુત્ર શાલવ સાથે.

▶▶ જૂનાગઢ નિવાસી શ્રીમતી હેતલબેન તથા શ્રી સુજીતભાઈ મંગેશભાઈ છાયાના પુત્ર વંદન છાયા (ઉ.વ.૧૭)એ વાડોકાઈ કરાટે–ડો–ફેડરેશન ઓફ ઈન્ડિયા '૨૦૨૩માં કરાટેમાં 'બ્લેક બેલ્ટ'ની ડીગ્રી સર્ટિફીકેટ પ્રાપ્ત કર્યા છે.ચિ.વંદને વ્હાઈટ,યેલો,ઓરેન્જ,ગ્રીન,બ્લ્યુ,પર્પલ,બ્રાઉનની સિદ્ધિ મેળવવા ઉપરાંત એક ગોલ્ડન,બે સિલ્વર તથા એક બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી છાયા તથા વસાવડા પરિવારને ગૌરવ બક્ષ્યું છે.અભિનંદન.

▶▶ અમદાવાદ સ્થિત શ્રીમતી નિષ્ઠા અને શ્રી પ્રશાંત બક્ષીનાં પુત્રી ચિ. વરદા (ધો.૯)નું ચિત્ર ગુજરાત રાજ્ય લલિત કલા એકેડેમી દ્વારા આયોજીત ૬૩ રાજ્ય કલા સ્પર્ધામાં પસંદગી પામ્યું. તેણીને અમદાવાદ ખાતે ખ્યાતનામ ચિત્રકાર શ્રી નટુભાઈ પરીખના હસ્તે પ્રમાણપત્ર આપવામાં આવ્યું.પરિવાર સાથે જ્ઞાતિને ગૌરવ બક્ષનાર ચિ.વરદાને અભિનંદન.



ચિ. વરદા,હર્ષાબેન અને પ્રફુલ્લભાઈ બક્ષીનાં પૌત્રી તથા વડોદરા સ્થિત રેણુકાબેન અને કુમારભાઈ બુચનાં દોહિત્રી થાય.



▶▶ શ્રી પરાગ અવિનાશભાઈ સ્વાદિયાને જાણીતી મલ્ટીનેશનલ ફાર્મા કંપની ઓત્સુકા ફાર્માસ્યુટીકલ્સમાં સીઇઓ તરીકે બઢતી આપવામાં આવી.તેઓ ૨૦૧૩માં એકાઉન્ટ હેડ તરીકે જોડાયા હતા અને ૧૦ વર્ષના ટૂંકા સમયમાં પ્રચંડ પુરૂષાર્થ, કાર્યનિષ્ઠા સાથે નિરાભીમાની ને સૌમ્ય સ્વભાવના ફલસ્વરૂપે આ ઉચ્ચ પદે નિયુક્તી મેળવીને જ્ઞાતિને ગૌરવાન્વિત કરી છે. અભિનંદન સહ શુભકામનાઓ.

▶▶ જોધપુર–રાજસ્થાન– સ્થિત કુ.પૂર્વી પરેશ બુચે રાજસ્થાન સ્વાસ્થ્ય વિજ્ઞાન વિશ્વવિદ્યાલયમાંથી બી. એસસી.(ઓનર્સ) ઓપ્થોલ્મોલોજીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સુવર્ણપદક મેળવ્યો.જોધપુરની પ્રસિદ્ધ આંખની જિલ્લા હોસ્પિટલ ખાતે ઓપ્થલ્મિક સહાયક તરીકે કુ.પૂર્વીની વરણી કરવામાં આવી છે.અભિનંદન.

ચિ. પૂર્વી, શ્રી પરેશ અને શ્રીમતી રશ્મિ બુચનાં પુત્રી અને સ્વ.હેમેન્દ્રભાઈ ચંદુલાલ બુચ અને રક્ષાબેન કેશુભાઈ વૈશ્નવનાં પૌત્રી થાય છે.

▶▶ મુંબઈ સ્થિત ડૉ. પ્રાપ્તિ માંકડ (MS ophthalmology) નું શ્રી વડનગરા નાગર મંડળ મુંબઈ દ્વારા તેમની આ સિદ્ધિ બદલ શતાબ્દિ મહોત્સવ સુવર્ણચંદ્રક તથા સન્માનપત્ર અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું.



ડોક્ટર પ્રાપ્તિ મુંબઈ સ્થિત સ્વ.નિલેશભાઈ તથા તૃપ્તિબેન માંકડનાં પુત્રી થાય છે.

▶▶ જૂનાગઢ સ્થિત શ્રીમતી નેહલ ભાવાર્થ અવાશિયા (રાજકોટના જ્ઞાતિસેવક શ્રી બાલેન્દુભાઈ મહેતાના પુત્રી)એ રાજકોટની અર્જુનલાલ હિરાણી કોલેજમાંથી બીપીએ કથ્થકની પદવી મેળવી છે.અભ્યાસના ત્રણ વર્ષ સતત પ્રથમ વર્ગ સાથે ઉત્તીર્ણ થવા બદલ બેન નેહલને તારીખ ૧૦ માર્ચના રોજ રાજકોટ ખાતે ગુજરાત રાજ્યના ગવર્નરશ્રી ના હસ્તે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો.તેણી જૂનાગઢ ખાતે બહેરા,મૂંગા,વિકલાંગ બાળકો માટેની 'મંગલમૂર્તિ' સંસ્થામાં 'ડાન્સ ટીચર'તરીકે ફરજ બજાવી રહયાં છે તેમજ નૃત્ય અને ગરબાના વર્ગો પણ ચલાવી રહયાં છે.

# પ્રેમ...

કેટલીક બાબતો માનવીય જીવનમાં અકળ રહેવા સર્જાઈ હોય છે. જેમ કે સુખ, કોઈ પરખ નથી કોઈ વ્યાખ્યા નથી, છે તો ખરું પણ સમજ અને પકડની બહાર છે! એવુ જ પ્રેમનું છે!

કેવળ સંવેદનાની વાત છે! હોવા અંગે કોઈ શંકા નથી પણ છે તે આંગળી મૂકી બતાવી શકાતો નથી! તેની ઉત્કટતાનો સમગ્ર આધાર સૌની વ્યક્તિગત સંવેદનાની તીવ્રતા પર છે.

કોઈ કહે કે કોઈનું યાદ આવવું તે પ્રેમ, અરે! પ્રેમ હોય ત્યાં વિસરાવું શક્ય છે? યાદ તો ત્યારે આવે કે જયારે ભુલાય!

મીરાં ફિલ્મમાં એક અદભુત દ્રશ્ય છે, જ્યાં મીરાં સંત રઈદાસ ને મળવા પહોંચે છે. દરવાજો ખખડાવે છે, સંત પોતાનું કામ કરતા કરતા પૂછે છે,

કૌન?

મીરાં જવાબ આપે છે.. મૈ મીરાં!

સંત કહે છે... મૈં તો ફિર મીરાં કૌન, ઔર મીરાં તો ફિર મૈં કૌન?

આ અદ્વૈતની સમજ તે પ્રેમની પારાકાષ્ઠા છે. કાંટો રાધાજીને ગોકુલમાં વાગે અને લોહી કૃષ્ણને મથુરામાં ફૂટે, તે પ્રેમ છે!

કૃષ્ણ એક પ્રેમનું પ્રતીક છે. ભારતીય શાસ્ત્રોમાં love icon છે. કૃષ્ણ ને બધા પ્રેમ કરે, ગોપીઓ સમર્પણ ભાવે, માં વાત્સલ્ય ભાવે, મીરાં ઈશ્વર ભાવે, રુકમણી પતિ ભાવે, દ્રૌપદી સખા ભાવે, સુદામા મિત્ર ભાવે..... પણ, કૃષ્ણ?.... ગોકુલ છોડ્યા બાદ કદી રાધાને મળ્યા નથી છતાં એક ક્ષણ માટે પણ ભૂલ્યા નથી! આ પ્રેમ છે. તે મળવાનો મોહતાજ નથી, કોલ કે મેસેજ નો ઇન્તેઝાર નથી, તે સલામતી કે સમીપ્યની ઝંખના નથી! તે કેવળ એકત્વ છે. જ્યાં તમામ અપેક્ષાઓ ખરી પડે, જ્યાં હું ખરી પડે!

જ્યાં બે નથી, જતા પૂર્ણ એકાકાર છે,  અલગાવ નથી ઐકય છે. "હું " "તેને" પ્રેમ કરું એવુ નથી પણ, હું અને તે બે વચ્ચે ભેદ નથી, એક જ છે તે ભાવ તે પ્રેમ છે!

પ્રેમ મૂળે ઓગળવાની પ્રક્રિયા છે. ખતમ થઇ જવાની પ્રક્રિયા છે. પોતે ઓગળી અન્યને સમૃદ્ધ કરી દેવાની પ્રક્રિયા છે. જ્યાં આ ભાવ હોય ત્યાં અહંકાર તો હોય જ શાનો? મતભેદ કેવા? મન ભેદ કેવા? શંકા કેવી? અભાવ કેવા? છળ કેવું?.... બધું ખરી પડે!

કૃષ્ણની સ્વરૂપવાન પટરાણીઓ, ગોપીઓ, લીલાઓ વગેરે થકી રાધા કદી અસલામતી અનુભવે? ના, તે પ્રેમ છે.

આપણા દિગ્ગજ કવિ શ્રી સુરેશ દલાલ ગુજરી ગયા ત્યારે તેમના પત્નીએ એક શ્રદ્ધાંજલિ માં કહ્યું હતું, સુરેશ એક સેલિબ્રેટી હતા, આજીવન છોકરીઓની કોલેજમાં ભણાવ્યું, અસંખ્ય સ્ત્રીઓ સાથે મિત્રતા છતાં મને કદી પણ અસલામતી નથી લાગી! આ તેનો પ્રેમ હતો!

પ્રેમ એટલે.....વિશ્વાસ,અહંકાર શૂન્યતા,ઓગળી જવાની પ્રક્રિયા, શૂન્ય ભણીની યાત્રા,એકનો શૂન્ય વડે થતો ભાગાકાર અને તેમાંથી નીપજતી અનંતતા,

પ્રેમ એટલે-અદ્વૈત!

- મેહુલ ભટ્ટ.

स्वीकार करने की हिम्मत और
सुधार करने की नियत हो,
तो इंसान बहुत कुछ सीख सकता है।
प्रार्थना करें सब का मंगल हो
When you know your worth,
no one can make you-
feel worthless.....
Choice is yours!

( सब का मंगल हो...From : Viranchi Buch Rjt.
) Choice is yours ! From : Mehul Bhatt, Ahd.
( ) Thanks...

# સુખની શોધમાં..

- મનહર જે. વૈષ્ણવ M.9825280147

'સુખનું ના સરનામું કોઈ, જાણે અંતરયામી' સુખ કોઈ વ્યાપારિક વસ્તુ નથી, જેની ખરીદી કરવા માટે સરનામું આપવું પડે, સુખ એ અનુભૂતિ છે. સુખની સીધી વ્યાખ્યા કરવી હોય તો એમ કહી શકાય કે 'તમારી પાસે જે નથી એવી ચીજને વિસરી જઈને જે છે તેને માણવાની કલા તે સુખ.' હંમેશા પહેલા આપો અને પછી 'મેળવો' તેમાં જ સુખની સાચી શોધ છે. માણસનું મન હંમેશા તુલનાત્મકતમ રહેલું છે. પોતાની પાસે છે, તેના કરતાં શું નથી તેના વિચારમાં ભમતું રહે છે અને તેમાંથી અપેક્ષાઓનો દોર ચાલુ થઈ જાય છે અને આ અપેક્ષા એવી ઉધઈનું કામ કરે છે કે, તમને તે સમજાય તે પહેલાં જીવનને ખોખલું કરી નાખે છે. અને તમારી પાસે છે તેના માણવા માટેનો આનંદ ઓગાળી નાખે છે. સુખની શોધ અને આ સુખ માણવાની ચાવી આનંદ છે. આનંદની સામે કોઈ વિરુદ્ધ શબ્દ નથી કે નથી તેનો પર્યાય. તે વાત વિસરીને માણસ દુઃખી થાય છે. 'ત્યાગે તે આગે' એ સુખની સાચી શોધ છે. સુખ હકીકતે અભિવ્યક્તિ છે. તેનો કોઈ માપદંડ કે તોલમાપ નથી. દુઃખ કદાચ એકલા ભોગવી શકાય, રુદનથી હળવું કરી શકાય પરંતુ સુખ એકલા એકલા માણી શકાતું નથી. એકલો માણસ હસ્યા કરે તો કદાચ તેને પાગલની ભૂમિકામાં ગણના થાય. તેથી આપણે હંમેશા એક શબ્દનો ઉલ્લેખ કરતા હોઈએ છીએ કે, 'કંપની વગર મઝા ન આવે.' સમગ્ર વિશ્વનો પ્રવાસ કરીને આવો ત્યારે, ઘરની દિવાલ જીવંત થઈને તમારા એ પ્રવાસનો આનંદ વ્યક્ત કરે છે આ છે સુખની સાચી શોધ.

આપણે પૈસા ધન-દોલતને સુખ સમજી લઈએ છીએ. હકીકતે પૈસો સુખની શોધમાં કદાચ સાધન બનતો હશે, પણ તે સાધ્ય નથી. આની સામે આપણે એમ વિચારીએ કે ઈશ્વરે પૃથ્વીને ગોળ બનાવી છે એટલે માણસ સતત સુખ સગવડની ખોજમાં ફરતો રહે છે, પણ શાંતિથી બેસીને આ સુખ માણવાનો ક્યાંય ખૂણો નથી. અરે, સપનાઓ પણ ક્યાં આપણી ઈચ્છા મુજબના હોય છે? તાજેતરમાં વરસાદની અમીધારા કરતા અમોધધારા જોઈને એમ વિચાર આવે કે, જ્યારે આ પાણી ઓસરી જશે પછી જે રહેશે તે કાદવ કિચડ ને ખોડાખડીયા રહેશે. આમ, પૈસાની અમોધધારા પણ ઓસરી જશે ત્યારે બાકી રહેશે તે પૈસાથી મળેલ સ્વચ્છંદતા, અભિમાન અને અહંકાર. જે તમારા સુખનો સાચો આનંદ માણવા કરતાં સમાજ, પરિવારથી દૂર કરશે. ઈશ્વરે ખોબો એટલે જ આપ્યો છે કે તે ભરાય ત્યાં સુધી સુખ, બાકી છલકાઈ જશે તે વ્યર્થ.

જીવનમાં ત્રણ બાબતો સાથે હોય તે સાચા સુખની શોધ. સરળતા, સહજતા અને સહનશીલતા. જે માટે હંમેશા એક શબ્દોનો ઉપયોગ થશે તે સુખની સાચી શોધ, અને એ શબ્દ છે 'let go'..'જતું કરવામાં' સાચું સુખ છે. સમર્થ બનવા કરતાં સાર્થક થવામાં વધુ સુખ છે. મહાભારતના તમામ પાત્રો સમર્થ હતા પરંતુ માત્ર શ્રીકૃષ્ણ જે સાર્થક પુરવાર થયેલ.

બાકી કોઈનું દુઃખ કે સુખ બીજાના દુઃખ કે સુખ કરતા ઓછું કે નાનું નથી હોતું. કારણ કે -
"મન: એવસ્ય કારણં મનુષ્યાણામ બંધન મોક્ષ" માં સુખ દુઃખની બધી વ્યાખ્યા આવી જાય છે.

નરસિંહ મહેતાના શબ્દોમાં કહીએ તો જેના ભાગ્યમાં જે સમે
જે મળતું તેને તે સમે તે જ મળતું. મારા શબ્દોમાં કહું તો -
'કરીએ ના દ્વેષ કે ઈર્ષા ના કરીએ,
હોય નસીબમાં એટલું જ માણીએ
'મનહર'આનંદે રહીએ
અમે તો પ્રભુ રાખે તેમ રહીએ.'
આ છે મારી સુખની શોધ માટેની પગદંડી.

अभाव का प्रभाव अक्सर....
जीवन का स्वभाव बदल देता है...।
प्रार्थना करें...सब का मंगल हो
Focus on
How life feels,
Instead
How life looks!
Choice is yours!

રાજકોટ સ્થિત શ્રી જગદીપ જયકુમાર પોટા, 'પોટા અવટંકના છેલ્લા આઠેક વડલાઓનાં પરિવારનો આંબો - વારસદારનું પુસ્તક' તૈયાર કરી રહ્યા છે. તો પોટા અટક ધરાવતા જ્ઞાતિજનો તેમના દાદાશ્રી થી શરૂ કરી ને વર્તમાન ચિરંજીવીઓને નામ, જન્મ તારીખ, પુત્ર કે પુત્રીના લગ્ન અને તેમના જીવનસાથીના માતુશ્રી તથા પિતાશ્રીના નામ સહિતની વિગત તેમના ઈમેઇલ આઈડી jpota@gmail.com પર મોકલી આપશો. વધુ માહિતી માટે તેમનો 98252 59519 whatsapp ઉપર સંપર્ક સાધશો.

**આપણા સનાતન ધર્મમાં નાળિયેર અને શંખનું મહત્વ :** ડાકોરભાઈ ત્રિવેદી,રાજકોટ.

**<u>નાળિયેર</u> : કોઈપણ શુભ કાર્ય કરતાં પહેલાં નાળિયેર ચઢાવવામાં અથવા તેની પૂજા કરવામાં આવે છે.નાળિયેર ધન સંબંધિત વાસ્તુદોષોને દૂર કરવાનું પણ કામ કરે છે.દેવી લક્ષ્મીને નાળિયેર ખૂબ જ પ્રિય છે,તેને ઘરમાં રાખવાથી ધનની દેવી લક્ષ્મી પ્રસન્ન થાય છે. સુખ–સમૃદ્ધિ બની રહે છે.**

**<u>શંખ</u> : શંખને પૂજનીય માનવામાં આવે છે.જો ઘરમાં નિયમમિત શંખ ફૂંકવામાં આવે તો તેનાથી ઘરની મુશ્કેલીઓ દૂર થાય છે અને સુખ–શાંતિ રહે છે.ભગવાન નારાયણ પોતાના હાથમાં શંખ ધારણ કરે છે,દેવી લક્ષ્મીને પણ શંખ પ્રિય છે કારણ કે તેની ઉત્પત્તિ સમુદ્ર મંથન દરમિયાન થઈ હતી. એટલા માટે શંખને લક્ષ્મીનો ભાઈ કહેવામાં આવે છે.જો તમે ઘરમાં શંખ લાવો છો તો તેનાથી મા લક્ષ્મી પ્રસન્ન થાય અને આર્થિક પરેશાનીઓ દૂર કરે.એવી માન્યતા છે કે ઘરમાં મા લક્ષ્મી અને કુબેરનું ચિત્ર રાખવાથી ધનની કમી તો દૂર થશે ને સાથે પ્રગતિના નવા સોપાનો પણ ખોલશે.**

## <u>લગ્ન વિષયક જાહેરાત :</u>

1. **જન્મ : ૨૪ જાન્યુઆરી–૧૯૯૭,ઉ.૫'૨" એમ.ડી. (મેડીસીન)નો અભ્યાસ કરતી માંગલિક કન્યાને યુવક.સંપર્ક : 9925208622**
2. **જન્મ : ૫/૧૯૯૭,ઉ.૫'.૧૧"બી.ઇ.(ઇલે.) રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયામાં નોકરી કરતા (માંગલિક)યુવકને કન્યા. સંપર્ક** : 9429903028
3. **જન્મ : ૪/૧૯૯૪, બી. એ. ઇન્ટિરીયર ડિઝાઇનર, એમ. એ. (હિસ્ટ્રી) ૫'.૫" ઊંચાઇની વડનગર નાગર કન્યા માટે યોગ્ય યુવક સંપર્ક : 98252 74 364**
4. **બી. કોમ. ઇન્ટર સી.એ., સી.એ. ફર્મમાં નોકરી કરતી કન્યા માટે યોગ્ય યુવક. સંપર્ક : 94 266 50 265**
5. **જન્મ : ૮/૧૯૮૭, બી.કોમ., ઇન્ટર સી. એ., icici હોમ ફાઇનાન્સ લિમિટેડમાં ક્રેડિટ મેનેજર તરીકે નોકરી કરતા યુવકને યોગ્ય કન્યા. (છૂટાછેડા થયેલ છે) સંપર્ક** : 9824563875

## અનંતના યાત્રીઓને શ્રદ્ધાંજલી :

દાયકાઓથી દ્વારકા ખાતે વસવાટ કરી કર્મભૂમિ બનાવનાર, ચૈતન્યનાથ સુરેન્દ્રનાથ ધારેખાન -૯૧ વર્ષની વયે રાજકોટ ખાતે શ્રીકૃષ્ણ શરણ થયા. ચૈતન્યભાઈ ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, હિન્દીના જ્ઞાતા હતા તો, એકાઉન્ટિંગમાં નિપુણતા અને ખગોળશાસ્ત્રમાં ઊંડું જ્ઞાન ધરાવતા હતા. તેઓ અનન્ય સાહિત્યપ્રેમી હતા. શ્રીમદ્ ભાગવત્, ભગવત્ ગીતા અને અન્ય ધાર્મિક ગ્રંથોના ગહન અભ્યાસુ હતા. જેનાં ચિંતન મનન દ્વારા સામાન્યજનને સમજાય તેવી સરળ ભાષામાં તેનું અર્થઘટન કરી જીવનનો મર્મ સમજાવતાં પુસ્તકો પણ પ્રકાશિત કર્યા હતાં. બરછીના વાચકોને પણ તેમના ચિંતનાત્મક વિચારોનો લાભ મળ્યો હતો.

ચેતન્યભાઈ, અનેક સ્થાનિક આશ્રમોના ધર્મગુરુઓ દ્વારા પ્રેમાદરને પાત્ર રહ્યા હતા.તેઓએ વિદ્યાદાન રૂપે દ્વારકાના પ્રાથમિક વિદ્યાર્થીઓથી લઈને વરિષ્ઠ નાગરિકો સુધી નિઃશુલ્ક શિક્ષણ આપ્યું.

સાત્વિક આચાર વિચાર, રહેણી કરણી સાથે પોતાનું સમગ્ર જીવન દ્વારકાના લોકો માટે સમર્પિત કરનાર ચૈતન્યભાઈનું નામ અને કામ દ્વારકાના જન જનમાં હંમેશા યાદ રહેશે. ઓમ શાંતિ:!

ગં.સ્વ. નિશાબેન અમિતભાઈ મજમુદાર ( ઉ.વ. ૫૮) ચંદ્રકાંત(ચીનુભાઈ) જસવંતરાય માંકડ (ઉ.વ.93, નિવૃત SBS) - જુનાગઢ./ /જમિયતભાઈ છેલશંકર અંજારિયા ઉ.વ. 82 - ભુજ//અ.સૌ. દેવયાની હરીશભાઈ(ગોટીક) રાજકોટ//રાસેશ્વરીબેન જીતેન્દ્રરાય દેસાઈ, જલધિ મૃગાંકભાઈ ઓઝા ( ઉમર ૪૪ વર્ષ) - ભાવનગર//સુધાંશુ મહેશ્વરભાઈ પંચોળી. માલવભાઈ યોગેન્દ્રરાય મુન્શી ઉંમર વર્ષ ૭૦ પ્રિયકાંતભાઈ હરખલાલ છાયા 91 વર્ષ- અમદાવાદ// અરવિંદભાઇ કનૈયાલાલ નાણાવટી - સુરત//નૌમાલિકાબેન(નલિનીબેન) યદુકાંતભાઇ ધોળકિયા ૯૭વર્ષ શશાંકભાઈ ધોળકિયા (નિવૃત્ત યુનિયન બેન્ક), - વડોદરા.// મૃદુલાબેન હરવિંદરાય વસાવડા ઉ.વ.૮૭ - ગાંધીનગર. શ્રીમતી ગીતાબેન કિરીટભાઈ છાયા -- અવંતિકાબેન ઉમાકાંતભાઈ અંતાણી - જામનગર

---

### અંતર જ્યોત

સ્વર્ગથી ઉતરી છે સીડી શ્રુતિ થઈ
સંયોજાઈ છે, સપ્તકથી સાધના સંગીતની
સંગીતની સરગમ સાન્નિધ્ય શંકરનું
રણઝણાવે તાર દિલના, રણકાર તંબુરના
સાનિધ્યે તાનપુરાના આલાપ કરે મનને તર
અપાવે સુખ સ્વર્ગનું એકાગ્રતા સંગીતની
જગાવે જ્યોત નીજમાં
અજવાળું કરે અનંત અંતરમાં
જ્યોત ન વિલાય અંતરની કદી
સરવી કરે શ્રવણેન્દ્રીય એ તાર
કરે તરબતર અંતરને, એકાકાર થઈ સ્વર સાથે
હલાવે હૃદયના તાર સ્પંદનોનો સ્પર્શ.
પિનાકી સૂર્યશંકર શુક્લ—રાજકોટ.
મો.૯૩૧૩૦૫૧૪૫૮

### માને નમન

**હૃદય જેનું ઋજુ ને કરૂણાસભર,**
**વાત્સલ્ય વરસાવતી જેની અમી નજર,**
**એવી મમતામયી માને કોટિ કોટિ નમન.**
**ફરજ અદા કરવામાં ન છોડી લગીરેય કસર,**
**પ્રત્યેક કર્મમાં જેનાં નિષ્ઠા-પ્રમાણિકતાની અસર**
**એવી મમતામયી માને કોટિ કોટિ નમન.**
**નિર્દોષ નિર્મળ હાસ્ય ધરતા જેના અધર,**
**સદા પ્રેરણા આપતી રહી જેની જીવન સફર,**
**એવી મમતામયી માને કોટિ કોટિ નમન.**
**જનનીની જોડ જડે નહીં એ સત્ય અફર**
**શબ્દો પડે ઓછા ને ટૂંકા જેની કરતાં કદર**
**એવી મમતામયી માને કોટિ કોટિ નમન.**
**-રાજેશ નાણાવટી, જૂનાગઢ.**

# સમયાનુસાર શિસ્ત

Time and tide waits for none...

દરેક દિવસને તમારી શ્રેષ્ઠ કૃતિ સમજો..

જીવનમાં શિસ્તની કેટલી બધી જરૂર છે તે તો આપણે અમલમાં મૂકીએ, ત્યારે જ ખબર પડે. શિસ્ત એટલે સમય અનુસાર સમાજે નક્કી કરેલા ધોરણો પ્રમાણેનું આપણું વર્તન. નાનપણથી જ શાળામાં તેમજ ઘરમાં શિસ્તના પાઠ ભણાવવામાં આવે છે, વડીલો સાથે કેમ વર્તવું, શાળાના શિક્ષક સાથે કેમ બોલવું- બેસવું વગેરે...

શિસ્ત અને નિયમ બંને એક જ સિક્કાની બે બાજુ છે. આપણા સ્વાસ્થ્ય માટે પણ નિયમોનું પાલન કરવું જરૂરી બને છે. આપણે આપણા શરીરને જેવી ટેવો પાડીએ તે પ્રમાણે તે કામ કરે છે. જો તમે સવારે છ વાગ્યે ઊઠવાની ટેવ પાડો અને પ્રાથમિક ક્રિયાઓ પતાવી આખા દિવસના કરવાના કામની નોંધ બનાવો તો જે ૨૪ કલાકનો દિવસ ઘણો ટૂંકો પડે છે, તે લાંબો થઈ જાય છે.

શરૂઆતમાં આપણે એલાર્મ મૂકીને ટેવ પાડવી પડે, પણ ત્યારબાદ તમારું શરીર વગર એલાર્મ તમને છ વાગે જ ઉઠાડે અને તમારા દિવસના કાર્ય સમયસર જરૂર નક્કી થઈ જાય. આ માટે મક્કમ મન અને શિસ્તની જરૂર પડે.

આપણા ઋષિમુનિઓએ જીવન જીવવા માટે લગભગ સો વર્ષના સમય નક્કી કરેલ અને તેને ચાર તબક્કામાં વહેંચ્યો છે, બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, સંન્યાસ આશ્રમ. હવે હાલના યુગમાં સંન્યાસ આશ્રમને બદલે વૃદ્ધાશ્રમ લગાવવો પડે છે. દરેક અવસ્થાની પ્રવૃત્તિ જુદી જુદી હોય છે, અને હવે વૃદ્ધાવસ્થા (સિનિયર સિટીઝનશીપ) પણ ૬૦ વર્ષ ને બદલે લગભગ ૭૫ થી ૮૦ વર્ષે આવે છે, માટે માણસે સમય સાથે કદમ મિલાવી પ્રવૃત્તિમય જીવન જીવવાનું શરૂ કરી દીધું છે. આજના યુગમાં અવનવી દવાઓની શોધ તેમજ સુવિધા ભર્યું -સગવડતાવાળુ જીવન માનવ જીવનને રળિયામણું બનાવે છે. શિસ્તપાલન અને નિયમ અનુસાર જીવન જીવો તો સમયને માપી શકાય છે અને નિરામય દીર્ઘાયુ જીવન જીવી શકાય છે. આ જ છે આજના સમયનો તકાજો- સમય માટે એટલે જ કહેવાય છે.. "બાંધી સમયને નિયમોની રસ્સી થકી, તેલ સિંચ્યુ સ્નેહ કેરું તેમાં નક્કી, પામી રહો આનંદ જીવન તેનાં થકી, સફળ જીવન જીવવાની આ જ છે રાહ નક્કી." – ડાકોરભાઈ ત્રિવેદી, રાજકોટ.

**(મુ.ડાકોરભાઈનું જ આ દ્રષ્ટાંતરૂપ જીવનદર્શન–દર્પણ છે..જેઓ આવાં શિસ્તપાલન, પરોપકારી સદાચાર– વિચાર, નિયમિતતા, વાંચન–લેખન, ઈશ્વર પ્રત્યે અહોભાવના ફલસ્વરૂપે આજે ૯૦ વર્ષે નિરામય–સ્વસ્થ અને પ્રવૃત્ત છે. શતં જીવ શરદઃ..વંદન!)**

**હકીકત–ચૂંટણી ટાકણે..**

## દર્દ

**અહીં ઓપરેશન ચાલે છે**
Silence please
**૭૫ વર્ષનાં પાંગળા દર્દીને**
**ભ્રષ્ટાચાર–લાગવગ–હિંસા–જડતા**
**સંઘરાખોરી–નફાખોરી–મોંઘવારીનાં**
**મહારોગે ઘેર્યો છે...**
**દાક્તરો થાક્યા–પણ તોય**
**મરવા વાંકે જીવતો**
**આ દર્દી કણસતો**
**શ્વાસો ખેંચી રહયો છે...**
**હૈયાધારણનું ગ્લુકોઝ,**
**વચનોનાં ઈન્જેક્શનો**
**નેતાઓના અસત્ય કથનોનું**
Blood **ચડાવાય છે.**
**ગરીબી–અમીરી**
**પરદેશી ધન–ધાન્ય**
**ઊછીના અસંબંધ વાદોનાં**
**મસાજે તે જીવે છે...**
**છે–૭૫ વર્ષનો કિંતુ**
**રાજકીય જીવજંતુ**
**વચનોની** –Vaccine **વડે**
**કોરાતો–ખવાતો દમ ખેંચે છે.**
**આ દર્દીને ખાવા ધાન–પીવા પાણી,**
**સુવા ઓટલો નથી!!!**
**ભારતીય દવાખાનામાં તેને જીવાડવા**
**કોઈ સમર્થ ક્યાં** surgeon **છે?**
**રત્નાકર વછરાજાની** – U.S.A.

# કન્સીલ્ડ વાયરીંગ – મહેશ ધોળકિયા

રહેવા માટેની માટે નહીં પણ કહેવા માટે કહેવા જે મકાનો બને છે તેમાં જે કેટલાક ચમત્કારો રચવામાં આવે છે તેમાં એક આ કન્સીલ્ડ વાયરીંગનો અને ક્યાંક તો વળી કન્સીલ્ડ લાઇટિંગ નો પણ જોવા મળે છે જો કે જે કન્સિડ છે ઢાંકેલ છે અને તેથી અદ્રશ્ય છે તેને 'જોવા મળે છે' એમ વર્ણવાય?

આપણે આવો વાક્ય પ્રયોગ અવારનવાર કરીએ છીએ-

'આમાં સૌંદર્યનો અભાવ જોવા મળે છે'

' ડર નો ભાવ કે ગાંધીજીમાં વારંવાર દેખા દેતો ગુણ વિશેષ હતો' અભાવ નો અર્થ છે 'જે નથી' તે અને જે નથી તે દેખાઈ કઈ રીતે ? જે છે તે જ દેખાય ને એનો અર્થ તો એ થયો જે નથી તે છે 'પણ આ સવાલ તત્વજ્ઞાનનું છે અને તત્વજ્ઞાન 'જે નથી' તેનું શાસ્ત્ર છે અથવા 'એમ નથી' એની આ ભેજામારી છે !

ચાલો એમ કહીએ કે આધુનિક ઇમારતોની એક ખાસિયત એ છે કે એમાં કન્સીલ્ડ વાયરીંગ હોય છે.

જ્યાં જ્યાં ધુમાડો ત્યાં ત્યાં અગ્નિ એમ ભણતા તે વખતનું એવું એક તર્ક શાસ્ત્રીય વિધાન, કોણ જાણે કેમ અમને બરાબર યાદ રહી ગયું છે, અને બાકીનું આખું તર્કશાસ્ત્ર અમે જાણીએ કેમ, બરાબર ભૂલી ગયા છીએ ! આ વિધાન અનુસાર અગ્નિ પરિણામ છે. અને ધુમાડો એ પ્રક્રિયા. એટલે એ વિધાન નો અધ્યતન ઉપયોગ કરીને એમ કહી શકાય કે, જ્યાં જ્યાં ઇલેક્ટ્રીક લાઈટ ત્યાં ત્યાં વાયરિંગ. એનાથી અવળું વિધાન સાચું નથી ન અગ્નિ ધુમાડા માટે ન લાઈટ વાયરીંગ માટે પણ એક વાત તો ચોક્કસ કે, લાઈટ લગી વાયરીંગ પહોંચવું અનિવાર્ય. તો વિચાર એ આવે કે, જે પ્રક્રિયા પરિણામ માટે અનિવાર્ય છે તેને પ્રછન્ન રાખવાનું પ્રયોજન શું? લાઈટ જો છે, તો તેને માટે વાયરીંગ પણ હોય જ ભલેને ભીંત પર વાયરીંગ વર્તાતું !એમાં વાંધો શું છે તે એક સમસ્યા છે.

પરંતુ આ કન્સીલ્ડ વાયરીંગનો પ્રભાવ આપણા પર પૂરા જીવનમાંય ફેલાયેલો છે એ તો અમને હમણાં સમજાયું- અમારી ઓફિસના બોસ અમને પોતાનું નવું મકાન જોવા લઈ ગયા અને પછી એમના જીવનમાં જે ઘટના ઘટી તેનું મેળ બેસાડતા.

મકાનની વિલક્ષણ સંરચના ફર્નિચરની અફલાતૂન બનાવટ અને લેટરીની લાક્ષણિકતા સુદ્ધાં તેમણે ઉત્સાહથી ફરી ફરીને અમને બતાવી પણ અમે તો દીવાલ જ જોતા રહ્યા.

લાઈટ હજુ નથી આવી ઉપર જોતા જોતા અમે પૂછી નાખ્યું.

'હોય કાંઈ?' કઈ ને તેમણે એક ખૂણા પરની ચાંપ માથે પગ ચાંપ્યો અને દીવાલે દીવા જાગી ઉઠ્યા.

'આના વાયર ક્યાં?'

કન્સીલ્ડ વાયરીંગ અભિમાનને કન્સીલ્ડ રાખ્યા વગર તેઓ વધ્યા, 'તમને નહીં સમજાય' કહી મરક્યા.

જ્યારે દિવસ પહેલા ઓફિસમાં વાવડ આવ્યા અને ફાઇલએ ફાઈલે ફેલાયા કે બોસની છોકરી એમના

પાડોશી ના છોકરા સાથે ભાગી ગઈ બંને વર્ષોથી પ્રેમમાં પડેલાં.

ઉદાસને આશ્વાસન આપવા બધા સુખ સંતળતા ટોળે વળ્યા તે એકલા પડ્યા એટલે અમે અભિનંદન આપ્યાં.

તેઓ ચોંક્યા.

અમે કહ્યું કન્સીલ્ડ વાયરીંગ તમને ન સમજાયું.

અમે મરક્યા.

આવું કન્સીલ્ડ વાયરીંગ એ આજના મોડર્ન જમાનાની તાસીર ભલે ગણાય -અહીં અમે 'તસવીર' શબ્દનો પ્રયોગ કરવા જતા હતા પણ યાદ આવ્યું કન્સીલ્ડની તો તસવીર પણ કેવી? પરંતુ જે માનસ છે, તે તો સનાતન ભાસે છે અધ્યતન બિલકુલ નથી એ. શું છે તેનું સૂત્ર?

'ક્રોઝ કેપ્ટ કલોઝડ;ઓન્લી ધ 'રીઝલ્ટ રીવીલ્ડ.'

'યાને પ્રછન્ન પ્રકિયા પ્રગટ પરિણામ.'

આપણા સમાજનું 'એક જૂનું' ને જાણીતું દ્રશ્ય –

'આ રવિવારે બિનના ચાંદલાનો પ્રસંગ છે. તમે નજીકના એટલે કહી મૂક્યું, બાકી વાત ખાનગી છે, કોઈને કહેશો નહીં'

'કેમ ?બનેવીની ચાલચલગત-?

'બકો નહીં, બનેવી કોનો ?મારો!

'એટલે જ પૂછવું પડ્યું!'

'કોઈ સવાલ નથી.'

તો કંઈ વાંધો વચકો?

दूसरो पर निर्भरता आपको काफी हद तक असमर्थ बना देती है..।
प्रार्थना करें...सब का मंगल हो

What lies behind you and
what lies in front of you,
pales in comparison to
what lies inside of you!
Look within!
Choice is yours!

'એમાં તમે ના સમજો, વે'વારના મામલા કહેવાય શું?હજાર વિઘન આવે બધી બાજી બગડી જાય, શું?

'તો રવિવારેય જાહેર નહીં કરો?'

'કેવી મુરખ જેવી વાત કરો છો ?''એકવાર પાકું થયા પછી તો રાજજા!

પાકા પાકા રાજાએ પરવારી ગયા એનું શું? અને વેવિશાળની પ્રક્રિયા વખતે આટલો ડર હોય તે જાહેરાતના પરિણામ પછી વધે કે ઘટે ? આપણને વિચાર તો આવે પણ કન્સીલ્ડ!

છોકરી બાબતે જ આવું કન્સીલ્ડ શીલ એવું નહીં વાયરીંગનો જ મહિમા!

અમારા કાકા મામલતદાર હતા. તે ડિસ્ટ્રિક્ટમાં જવાના હોય તેની કોઈ કરતા કોઈને જાણ ન હોય ગંધ બરેડોય નહીં કે તે ક્યાં જશે? ક્યારે નીકળશે અને ક્યારે પાછા આવશે.

એકવાર એક ક્લા...

શેરબજારના બે પઠા દલાલ ત્યાં છુપાઈને ઉભા હતા.

'સ્કૂલ ? તેમણે ધેરા સ્વરમાં પૂછ્યું,

મને પરસેવો વળી ગયો. ડોકું 'હા' માં હલી ગયું,
'લેંગ્વેજ?'
'ઇંગ્લિશ'
પછી બંનેએ બેઉ હાથ ઊંચા કરી પંજા બતાવ્યા,
મને એમ કે પીટીને દાવ છે. મેં પણ હાથ ઊંચા કર્યા.
'દસ દસ' તેમણે ના છુટકે ઉચ્ચાર કર્યો.
'વીસ' મેં જાણ્યું કુલ પિરિયડ વિશે પૂછે છે.
'કેશ' એક જૂને હાથ લંબાવ્યો.
પગાર રોકડમાં મળશે, સમજી ને હાથ મેળવ્યો.
બંનેએ મારો હાથ પકડ્યો, ખેંચ્યો અને હું આવ્યો સ્કૂલમાં.
પરિણામ પછી પ્રગટ થયું કન્સીલ્ડ વાયરીંગનું !

इस संसार में सब कुछ संभव है अगर,
शुरुआत आत्मविश्वास से हो....।
प्रार्थना करें...सब का मंगल हो

Two aspects of everything,
Thing in itself,
Thing as it appears,
Know things with own wisdom!
Choice is yours!

આ પ્રાકૃતિક જીવન પદ્ધતિ છે પ્રકૃતિ પ્રક્રિયાને ગુઢ અપ્રગટ રાખે છે -એ વૃક્ષના મૂળિયાં હોય. બાળકનો ગર્ભવાસ હોય કે માનવના અજાગ્રત ચિત્ત ગર્ભમાં ધબકતી વાસના હોય સંસ્કૃતિ ત્યારે સિદ્ધ થાય, જ્યારે આપણે પ્રક્રિયાને પૂરી પ્રગટ કરી, પરિણામને બેપરવાહીનો અંધાર પીછોડો ઓઢાડીએ.
ગીતાના કૃષ્ણનો અભિગમ આપણે અપનાવ્યો હોત તો સમાજમાં સ્વર્ગ -તેજ રીવીલ થાત.
તો શું થાત?
છોકરી માટે છોકરો પ્રેમની મધુર લાગણી પ્રગટાવી આનંદીત રહેત. પ્રેમહીન લગ્નના ખાડામાં અખાડામાં આપણે સબડતા ઝઘડતા ન હોત.
મિત્ર સામે ખોટું હસવાને બદલે મિત્ર સ્પષ્ટ કહી શકત પ્રેમ સાથે મારા મનમાં દ્વેષ પણ ઘોળાય છે. ચેતજે, યાર!
તો મૈત્રીના ફુલ મબલખ ખીલત. આપણે 'ફૂલ' ન બનત.
બાપ દીકરા સામે ખુલ્લો રહેત, 'તારા નહીં મારા હિત ખાતર તને ચાહું છું. તારા જીવનનું સ્વતંત્ર નિર્માણ કર.'
પેઢીઓ વચ્ચેનું વૈમનસ્ય તો રહેત ખરું?
નેતા જુઠ્ઠા નમસ્કાર કરવાને બદલે પ્રજાની સાચી સમસ્યા સમજત અને સહુને સાથે લઈ તેનો સામનો કરત.
તો દેશની આ બિસ્માર હાલત ન હોત.
એમ થવા પાછળનું કારણ વૈજ્ઞાનિક છે. વાસ્તવમાં પ્રક્રિયા અને પરિણામ વાયરીંગ અને લાઇટિંગ એ એક જ સળંગ ઘટનાના બે છેડાના નામ છે. પ્રવાહ તો એક જ છે, જે અંદરથી બહારની તરફ વહે છે. વૃક્ષનો અંદરનો ભાગ તે બીજ ને બીજ નો બહારી વિસ્તાર તે વૃક્ષ. એટલે પ્રક્રિયા જો સાચી હોય રીયલ હોય, રીવીલ્ડ હોય તો તે લાઇટિંગમાં રૂપાંતરિત થાય જ.

આનાથી ઊલટું પણ બને. પ્રક્રિયા કે વાયરીંગની ખામી -ગરબડ અંધાધુંધી પરિણામ લાઇટિંગ સુધી અંધકારને ખેંચી લાવે. પ્રક્રિયાને ડરીને છુપાવતો માણસ ધીરે ધીરે પરિણામને લાઇટિંગને કન્સીલ્ડ આવૃત રાખવા સુધી પહોંચી ગયો. એનો અર્થ એ થયો, કે આપણે સંસ્કૃતિની સીડી તો ન ચડ્યા, પ્રકૃતિમાંય સ્વસ્થ ન રહ્યા અને ગબડ્યા વિકૃતિની ખાઈમાં!

મારા એક દોસ્તને ત્યાં નાનપણમાં હું ઘણીવાર જતો ને રહેતો. હું ત્યારે જોતો કે તેનું આખું ઘર પિતા જેને સૌ 'સાહેબ' કહેતા. તેનાથી બહુ ડરે. આ ફફડાટનું કારણ એ ન હતું કે તે બહુ ખીજાતા -લડતા -ધમકાવતા. પણ એ હતું કે તે તદ્દન અબોલ, ભાવવિહીન, અપારદર્શક રહેતા. એમનો ચહેરો સદાય એવો પથ્થરિયો રહેતો કે તે રાજી છે કે નારાજ, સંમત છે કે અસંમત, પ્રસન્ન છે કે ઉદાસ -એ કોઈ કળી જ ન શકે.

સાહેબની એક દિવસ પેઢી તરફથી ખાસ્સું બોનસ મળેલું.

સાંજે એ ઘેરે આવ્યા ત્યારે ઘરનાને થયું, એ લૂંટાઈ ગયા. કીકલી તો રડતી છાની જ ન રહે!

એમનો એક લંગોટિયો ભાઈબંધ વર્ષો પછી પરદેશથી ખાસ તેમને મળવા આવેલો. ભારે વાતોડિયો અને તરવરીયો આદમી.

એક કલાક તે રહ્યો. પણ સાહેબ ચૂપચાપ એક જ આસને ખુરશી પર બેસી રહ્યા. મુખ નહીં, મુખરેખા પણ ન ફરી. પેલાએ વિદાય લીધી ત્યારે તેનો ઝેરો પણ રોબોટ જેવો લાગતો હતો.

આવા રોબોટ ન બની જવું હોય તો રીયલ ને રીવિલ કરવું જ રહ્યું...

કેન્સલ ઓલ કન્સીલમેન્ટસ, લાઈટ ધ લાઈફ!

---

વિશ્વ ચકલી દિન-

## પંખી નો માળો... - ભારતી હાથી, જોધપુર.

અમે અમારા દીકરા પલાશ ને ત્યાં યુ. એસ. રહી ને ૮ મહીને "વલસાડ" પાછા આવ્યા. -જોતાં જ ખબર પડી ગઈ કે, અઠવાડીયુ થશે ઘર સાફ કરતા. ફક્ત રાધા (કામ વાળી બેન) ના હાથની વાત નોતી. આખુ ઘર જાળા, કચરો, ધુળથી છવાઈ ગયું હતું. મારી પત્ની 'અવની' એ એક હાથમાં ઝાપટાનુ કપડુ લીધું, અને હું પંખો સાફ કરવા સીડી લાવ્યો.

ત્યાં તો મારી નજર હોલની બહાર 'બાલ્કની હતી, ત્યાં કોઈ ફફડાટ થયો, ત્યાં ગઈ. એક ચકલી જેવું નાનુ સુંદર પંખી પરદા નીચે બેઠું.હતું 'અવની' પણ જોઈ રહી.અરે, 'આલોક', જુઓ તો કેટલુ સરસ છે ! એના પીંછા તો જુઓ કેવા રંગબેરંગી છે ! ક્યાંથી આવ્યું હશે ? અમારા ડ્રોઈંગ રુમ અને 'બાલ્કની' ની વચ્ચે ઉડા ઉડ કરવા લાગ્યું.

ત્યાંતો 'અવની' ની નજર બાલ્કની અને હોલની વચ્ચે ઉપરની સાઈડ પડી. ત્યાં એક ફોટોફ્રેમની પાછળ ઘાંસ, પુંસ, તણખલા, ડાળીથી બનેલો પક્ષીનો માળો હતો. "આલોક," આ જુઓ, પંખીનો માળો..!

ઓહો! તો આટલો વખત સુના પડેલા ઘરમાં પક્ષીઓએ માળો પણ બાંધી દીધો. !'. ઓલુ પંખી ધીરે, ધીરે એ માળા તરફ ગયું ને ત્યાં ગોળ, ગોળ ફરતા ઊડવા લાગ્યું 'હંમ, તો આ માળો આનો છે !' લે,.. તો.. બંધ ઘરમાં આવ્યું કેવી રીતે ? 'વેન્ટિલેટર માંથી, એ ખુલુ હતું', મ્હેં કહ્યું.

"ઓફ઼ ઓ,..અવની બોલી."ચલો , કાઢો એને..ઘરમા કચરો થાય છે..!! અરે.. ડ્ઈંગ રુમમાં કોઈનુ ધ્યાન પડે તો...! કેટલુ ખરાબ લાગે ?'

મ્હેં જોયું તો એમાં ઈંડા હતા ૩."રહેવા દે ને,એને,એમાં ઈંડા પણ છે. જવા દે, થોડા દિવસમાં ખાલી થઈ જશે."

"ના, ના,... હોં, એ નહી બને, કોઈ મહેમાન આવે તો ?"

મ્હેં કહ્યું, "જો આપણું ઘર કોઈ જાણતા, અજાણતા તોડી નાખે તો ? તને કેવું લાગે ? આ ઠંડા પ્રદેશના વતની પક્ષીઓ છે.આપડા દેશમાં દર સિઝનમાં આવે છે, ૩,૪,મહીના અહીં રહે, પછી પાછા જતા રહે, એ તો આપડા મહેમાન કહેવાય. "આ પણ જતું રહેશે., એણે આપડા ઘરમાં આશ્રય લીધો છે.

'તો, એને ખસેડી ને બીજે ક્યાંય મૂકી દો. બહાર. '

'ને એમ કરતા એના ઈંડા ને કાંઈ થયું તો....! એમાં એની જાન વસે છે... 'એટલે જ તો એ અહીં જોવા આવે છે !

અમારા ઘરની બહાર રસ્તા પર લીમડો, પિપળ, આસોપાલવના ઝાડ હતા. એના પર જઈ ને એ બેસી જતું. અને ત્યાં થી નજર રાખતું.

એમ જ રક્, ઝકમાં ૨-૩ દિવસ નીકળી ગયા. અમારું સફાઈ અભિયાન ચાલુ હતું. રાધાએ રસોડાની સફાઈ કરી, અવની અમારા બેડરુમમાં સરખુ કરતી હતી, હું ટ્યુબલાઈટ સાફ કરતો હતો. અંદરથી એનો બડબડાટ સંભળાતો હતો..'આજે તો આ માળાનુ કાંઈ કરવુ જ પડશે'. ત્યાં મારો મો. ફોન વાગ્યો... મ્હેં જોયુ, બહાર નો ફોન છે, યુ. એસ થી 'કાવેરી' નો ફોન હતો, 'હલ્લો પપ્પાજી, પલાશનો કાર એકિસડેન્ટ થયો છે, એને હોસ્પિટલમાં એડમિટ કર્યા છે. 'હેં... શું.. કેમ કરતા ? અવની સફાળી ભાગી ને આવી. ફોન સ્પીકર પર જ હતો. શું થયુ?'

'અરે, એક બીજી કારે પાછળથી ધક્કો માર્યો, અજાણતા,જ 'પલાશ' ની કાર, આગળ ઝાડ સાથે અથડાઈ ગઈ, સરખુ વાગ્યુ છે. પણ 'ચીંતા ન કરશો.'હું ખબર આપતી રહીશ. '

અવની' તો સાવ તુટી પડી, આ ૮ મહીના દીકરા પાસે રહી ને આવ્યા, હર્યા, ફર્યા ખુબ મજા કરી. ને આવ્યા ત્યાં અચાનક આ.. ! એના આસુ રોકાવાનુ નામ નતા લેતા, એ સોફા પર ચુપચાપ બેસી રહી.

ત્યાં આલુ પંખી પાછુ આવ્યું, ધીરે, ધીરે પરદા પાછળ થી ઉપર ફોટો ફ્રમની પાછળ ગયું, જોયુ કે એના ઈંડા સુરક્ષિત છે કે નહીં ? જોઈ ને ગોળ, ગોળ ચક્કર ફરતું બહાર ઊડી ને ઝાડ પર બેસી ગયું.

અવની ઊઠી, ને મને કહે, 'હમણાં એ માળા ને કાંઈ ખસેડતા નહીં, ભલે રહ્યો. હું એને કપડા થી કવર કરી દઈશ'. હું એના બદલાયેલા વર્તન ને અને એની અંદરની 'માં' ને જોઈ રહ્યો.

સાંજે અવની ૨ નાની વાટકી લઈ આવી. ને માળાની બાજુ મા દોરીથી પુઠું લટકાવ્યુ ને એના પર એક વાટકી મા જારના દાણા, ને બીજામાં પાણી ભર્યું. થોડી વારમાં પાછુ પંખી આવ્યુ ને ધીરે, ધીરે માળા તરફ ગયું, એણે અંદર નજર કરી, એના ઈંડા સુરક્ષિત હતા. એણે જારના દાણા જોયા, ને પાણીમાં ચાંચ બોળી, ગોળ, ગોળ ફરતાં ચીં, ચીં કરતાં ઉડી ગયું.

સવારે મારા મો. પર ફોન રણક્યો. 'કાવેરીનો ફોન હતો.

"પપ્પા જી, ચીંતા ન કરતા,' પલાશને ટાઈમ પર ટ્રીટમેન્ટ મળી ગઈ એટલે વાંધો નથી આવ્યો. **Now he is better.** ગભરાવા ની કોઈ વાત નથી. **He is out of Danger".** સાંભળી અવનીના જીવમાં જીવ

આવ્યો. સાંજે એણે જોયું, ઓલું પક્ષી પાણી ભરેલી વાટકીમાં ચાંચ બોળી રમતું હતું. આમ તેમ ગોળ, ગોળ ચક્કર મારી, ને બહાર ઊડી ગયું.

૩ દિવસ પછી અચાનક જ ઓલા ઈંડા પોતાની મેળે ફૂટ્યા.એમાથી ૩ નાના બચ્ચા બહાર આવ્યા. એની 'માં ' ત્યાંજ હતી, જાણે રાહ જોતી હતી. અખો દિવસ એ ત્યાંની ત્યાંજ બેસી રહી.

અવની એ વાટકી મા જાર ના દાણા ને પાણી મૂક્યું. 'માં' પણ રાજી થઈ ને ચીં, ચીં કરતી હતી, જાણે આભાર ન વ્યક્ત કરતી હોય !

હવે તો જાર ના દાણા ને પાણી ભરવા નો અવની નો નીત્ય નો ક્રમ થઈ ગયો. ૮,૧૦ દિવસ માં તો બચ્ચા મોટા થઈ ગયા, માળા માં થી ચીં, ચીં, અવાજ આવવા માંડ્યો.

એક દિવસ કાવેરી નો ફોન આવ્યો, "પપ્પાજી 'પલાશ' ને હવે એકદમ ઓલરાઈટ છે. એમને હવે હોસ્પિટલમાંથી રજા આપી દીધી છે." અવની ના મોઢા પર હાસ્યની રેખાઓ ઊભરાઈ આવી.

બીજે દિવસે માળા માથી પાંખોનો ફફડાટ થતો હતો, એવામાં એની 'માં આવી, એને જોઈને બચ્ચા પણ બહાર આવ્યા, વાટકીમાં ચાંચ બોળી પાણી પીધું, ગોળ, ગોળ ફરી, પાછા અંદર જતાં રહયા. ૨ દિવસ આમજ ચાલ્યું. ત્રીજે દિવસે અવની જારને પાણી મૂકવા ગઈ, જોયું તો માળો ખાલી હતો.' અરે... સાંભળો છો, આ માળો ખાલી કેમ લાગે છે?, આ બચ્ચા કેમ દેખાતા નથી ?' અવની એ મોટેથી બુમ પાડી. મ્હેં પણ જોયુ, માળો ખાલી હતો. ત્યાં તો બાલકની ની ઉપરના છાપરે 'બચ્ચા ને મા ' ચારે બેઠા હતા. ચીં ચીં અવાજ કરતા હતા. 'મા' બચ્ચાને ઉડતા શીખવાડતી હતી. પાછા એ લોકો અંદર આવી ગયા. હવેએ માળાની ઉપર બેઠા. જારના દાણા ખાધા, પાણી પીધું ને એક બીજા સાથે તે રમવા લાગ્યા. હું ને અવની દુર બેઠા જોતા રહ્યા. થોડી વારમાં પાછા માળામાં જતા રહ્યા ને અંદરથી જ 'કલ બલ' નો ધ્વની સંભળાતો રહ્યો.

સવારે પાછી 'મા ' એમને બહાર લઈ જતી, નજીક જ ઊડા ઉંડ કરતા રહેતા.

કોઈવાર ટ્યુબલાઈટ પર બેસી જતા, તો કોઈ વાર રુમમાં જ એક જગ્યાએથી બીજી જગ્યાએ, કબાટ પર, કે શો કેસ પર , કે ઝુલા પર ઝુલતા મળતા. એમનુ જ્યાં મન થાય ત્યાં બેસતા. અવની ને પણ જાણે એમની આદત પડી ગઈ હતી. હું પણ અમને જોઈને સીટી વગાડતો.

૨-૩ દિવસ પછી અમે જોયું તો ઘરમા એકદમ શાંતિ હતી, કોઈ અવાજ નહી. પાંખોનો ફફડાટ નહી.. ઘરનો માળો પણ ખાલી હતો. અમે બાલકનીમાં આવ્યા, તો બહાર લીમડાના ઝાડ પર કલબલાટ થતો હતો. એ પંખી ઝાડની ડાળી પર બેઠાં હતા. અમારો માળો સુનો કરીને તે ઝાડ પર રહેવા જતા રહ્યાં. બચ્ચાં હવે ઉડવા માટે સક્ષમ હતાં.

અવની હવે બાલકનીમાં પાણી ભરેલું વાસણ, ને જાર ના દાણા ભરી ને વાટકો મુકે છે.

એ ૪ પક્ષીઓ અને એમની સાથે તે એમના મિત્રો પણ આવી ને પાણી પીવે છે. જારના દાણા ખાઈ ને ઉડી જાય છે.

મ્હેં હવે ઓલો પંખીનો માળો ઉતારી દીધો, ને બહાર મૂકી દીધો. અવનીના મનમાં સંતોષ હતો કે અમે આ 'મહેમાન પક્ષી' ના બચ્ચાંને સાચવ્યાં, તો ત્યાં પલાશનો પણ વાળ વાંકો ન થયો. એક 'માં' એ બીજી ' મા' ની પીડા સમજી.

હજી પણ મહેમાન પક્ષીઓ દર વર્ષે અમારે ત્યાં આવે છે. અવની એમને માટે જારના દાણા ને પાણીનું પાત્ર તૈયાર રાખે છે.

## અધુરી રચના...

જગતપુર, દેશની સરહદે થોડા અંતરે આવેલ એક ગામ.માંડ બસો ખોરડાઓ હશે.ખેતી,ખેત મજૂરી અને પરચુરણ નાના એવા ઘરઘરાઉ ધંધાઓ ગામમાં એક ભાંગીતૂટી દશા ધરાવતી શાળા અને એક શિક્ષક,એક જીર્ણ થઈ ગયેલું મંદિર ને ત્યાં વસવાટ કરતા એક બાવાજી.એક વૈદ્ય અને સુતારી–લુહારી કામના બે ચાર કોઠ,જે ખેતીના સાધનો ઠીક કરી આપતા.આવા નાના ગામમાં એકપણ વ્યકિત એકબીજાથી અજાણી ન હતી.છેલ્લા કેટલાક સમયથી ગામમાં વાત વહેતી થયેલી કે ગામમાં એક બહારનો માણસ ફરતો દેખાય છે. ભાતભાતની વાતો થતી.કોઈ કહેતું કે જમીન લેવા આવ્યો હશે, કોઈ કહે કારખાનુ નાખવું હશે.પરંતુ આ બધી વહેતી વાતો હતી.મારા દૂરના એક સબંધીની ગામમાં સાયકલ, ટ્રેકટર,ગાડા જેવાં વાહનોના પંચર સાંધી આપવાની હાટડી હતી.મારે આ તરફ આવતા તેમને મળવાનું થશે,તેવા વિચાર સાથે હું પણ ગામમાં આવેલો.મને પણ ગામની વાતો સાંભળવા મળી,અને તેમાં રસ જાગ્યો કે આવી કઈ વ્યકિત છે કે જેના વિશે ગામમાં ચર્ચા ચાલે છે? બે ચાર ગામના લોકો સાથે વાત કરતાં ખબર પડી કે એ વ્યકિત ગામના છેવાડે સરહદ બાજુના ભાગે ઘણા વખતથી બંધ પડી રહેલા એવા જૂના મકાનમાં રહે છે.આવી ખાસ વ્યકિતને મળવાની મને પણ ઈચ્છા જાગી અને સાંજના સમયે ગામ બહાર જતા રસ્તા પર ચાલતો થયો.ગામના સ્થાનિક ખોરડાઓ જ્યાં પૂરા થયા બાદ થોડે દૂર એકલવાયુ મકાન દેખાયું ત્યારે થયું કે આ જ મકાન હોવું જોઈએ.મકાન તો જૂનું હતું પરંતુ બહારથી જોતાં ખૂબ સુંદર લાગ્યું. કમ્પાઉન્ડમાં વિવિધ જાતના ફુલછોડ લાગેલા હતો ક્યારાઓ સાફ સુથરા હતા.કેટલાક વેલાઓ ચડાવવામાં આવ્યા હતા.પક્ષીઓ માટે દાણા પાણીના કુંડાઓ રાખેલા હતા.નાની હરિયાળી લોનનો એક ભાગ હતો.જેમાં ચિત્રકામ કરવા માટેના સ્ટેન્ડ ઉપર કેનવાસ રાખેલું હતું.દેશી નળીયાથી ઢાંકેલી ઓસરીના ભાગમાં દોરડાથી બાંધેલો ઝૂલો હતો.અને એક દેશી કુતરો રખેવાળી કરતો હોય તેવી છટાથી બેઠો હતો.ઘરમાં કોઈની હાજરી વર્તાતી ન હતી.

મારો પત્રકારનો જીવ.જાણ્યા અજાણ્યા લોકો સાથે વાતો કરવી,કંઈક નવી વાત કે વાર્તા મેળવવી એવો આશય.તેથી વિચાર્યુ કે,સવારે ફરીથી આ તરફ ફરવા આવીશ.

વહેલી સવારે જ્યારે આ સ્થળે પહોંચ્યો ત્યારે જોયું તો સાડા છ ફૂટ જેવી ઊંચાઈ ધરાવતો પ્રમાણસરનું પડછંદ શરીર,માથે જંગલ કેપ પહેરેલી.જીન્સ અને ચામડાના જેકેટમાં સજ્જ નીચે ડોકાતી રીવોલ્વર..જંગલ સફારી બુટ...એ ફૂલ છોડને પાણી પીવડાવતો હતો.ગામના લોકોની અફવાઓનો અંત આવ્યો.એ કદાવર વ્યક્તિ અવિનાશ હતો.દેશની ગુપ્તચર સંસ્થાનો એક અધિકારી હતો.તેનું કામ હતું,દેશની સુરક્ષાને લગતું.પરંતુ દિલથી એ ચિત્રકાર હતો.વાત કરતાં લાગ્યું કે એ સાહિત્યની પણ નજીક હતો.અવિનાશની જીવન ઝરમર જાણી,અત્યંત આશ્ચર્ય થયું.ઓળખવિધિ અને લાગણીઓની આપ–લે થઈ.અને મેં વિદાય લીધી.ફરી બે દિવસના અંતરે મળવાનું નક્કી થયું.

આજે ફરીથી હું એ જ મકાનના તૂટી ગયેલા લાકડાના દરવાજા પાસે ઉભો છું.નાની લોનમાં સ્ટેન્ડ પર રાખેલા સફેદ કેનવાસ પર દોરાતું સુંદર યુવતીનું ચિત્ર અધુરૂં છે.મારી આ મુલાકાત બાદ કોઈએ અવિનાશને નિહાળ્યો નથી.ક્યાં છે અવિનાશ?કેનવાસ પર સુંદર આકાર પામતી રચના અધુરી છે.ઓસરીમાં બેસી રહેલા કુતરાની આંખોમાં વેદના દેખાય છે.

ઢળતી સંધ્યાના સોનેરી માહોલમાં સરહદ તરફ જતા સેનાના વાહનોની કતાર ધૂળની ડમરી ઉડાડતા આગેકૂચ કરી રહયા છે.વાતાવરણમાં એક ગમગીની છવાયેલી છે.આ બધામાં ક્યાં છે અવિનાશ?...
જવાબ કોઈ પાસે ન હતો.અધુરી રચના અવિનાશની રાહમાં સ્થિર છે.

– હર્ષદ વસાવડા,અડાલજ–ગાંધીનગર. મો.૯૪૨૯૫૨૦૪૩૫

## ◀◀ ABM TRAVELS ▶▶

Discover your choice of destination in 2024,
we will make customized tour plan as per your requirement with
choice of selected hotels/resorts, top conditioned AC vehicles
with courteous drivers and lots of sightseeing for your comfortable
and stress free holidays- Chalo Jaldi Taiyar thai jav.

● Shimla Manali ● Dalhousie ● Dharamshala ● Amritsar ● Vaishnodevi
Ladakh ● Kashmir ● Nainital ● Corbet ● Mussoorie ● Darjeeling
● Gangtok ● Ooty Coorg ● Kerala ● Lakshadweep ● Andaman
● Gawahati ● Shilong ● Arunachal ● Rajasthan ● MP ● south India ● Goa
■ Nepal Dubai ■ Singapore ■ Thailand ■ Malaysia
■ Bali ■ Maldives ■ Mauritius ■ Vietnam

Religious places and many more.

**Avinash Mehta**
9820817318
abmtravels@gmail.com



## યોગ પ્રાણ વિદ્યા

હીલિંગ તથા મેડીટેશન પદ્ધતિ

**શું આપ આવી કોઈ બિમારીથી પીડાઓ છો?**

- સ્ટ્રેસ અને ડિપ્રેશન
- મેદસ્વિતા
- સાંધાના દુઃખાવા
- દમ અથવા અસ્થમા
- રોગપ્રતિકારક શક્તિની કમી
- કિડનીની તકલીફો
- પેટની તકલીફો
- હૃદયની તકલીફો
- ખભા અને કમરના દુઃખાવા
- ગર્ભાશયને લગતી બિમારીઓ
- વેરિકોઝ વેઇન
- ડર અને ફોબિયા
- ઊંઘ ના આવવી
- આધાશીશી / માઇગ્રેન
- એલર્જી અને ઈન્ફેક્શન
- રીલેશનશીપની તકલીફો

**બધા જ રોગોના નામ લખવા અત્રે શક્ય નથી, પરંતુ આવા ઘણા પ્રકારના શારીરિક તથા માનસિક રોગો માટે યોગ પ્રાણ વિદ્યા (YPV) અસરકારક નિવડેલ છે.**

યોગ પ્રાણ વિદ્યા એ સ્પર્શ વગર અને દવા વગર સમગ્રપણે અપાતી સંકલિત પ્રણાલી છે, જેમાં પ્રાણ શક્તિનો ઉપયોગ કરીને બધા જ પ્રકારના શારીરિક તથા મનોદૈહિક રોગોનો ઉપચાર કરી શકાય છે. આ પ્રણાલી આયુર્વેદ, હોમિયોપથી અને એલોપથી જેવી બીજી પ્રણાલીઓની અવેજીમાં નથી. તે આ બધી પદ્ધતિઓને પૂરક રહીને કામ કરે છે જેથી શરીરની પોતાની જાતને સાજા કરવાની કુદરતી ક્ષમતામાં નોંધપાત્ર વધારો થાય છે.

**હીલિંગ શીખવા કે કરાવવા માટે સંપર્ક કરો:**

૨૦+ વર્ષના અનુભવી

ધવલ ધોળકિયા
+૯૧-૯૯૦૪૪૦૪૬૪૫
www.ypvmeraki.com
+91-9484668989

મીના ધોળકિયા
+૯૧-૯૯૨૫૪૬૦૦૪૬
ypvmeraki@gmail.com

ypvmeraki
YPV Meraki


Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.

**ખાસ નોંધ લેશો કે..**.જાન્યુઆરી માસથી બરછી પોસ્ટ/કુરિઅરના વિકલ્પમાં આપે જે રીતે લવાજમ ભર્યુ હોય તે મુજબ મોકલવામાં આવે છે. મેઈલીગ પ્રોગ્રામમાં પણ પોસ્ટ/કુરિયરનો વિકલ્પ મુજબ બંનેની અલગ એડ્રેસ સ્લીપની પ્રિન્ટ નીકળે છે.વોટસએપનો ઓટો મેસેજ પણ તે રીતે મોકલવામાં આવે છે. છતાં મારી શરતચૂકથી રીન્યુ કરવામાં ભૂલ થઈ હોય અને અંક કુરિયરને બદલે પોસ્ટથી મળે કે પોસ્ટને બદલે કુરિયરથી મળે કે સરનામામાં ફેરફાર હોય તો ગ્રાહક નંબર–આપને મળેલ મેસેજની કોપી સાથે તુરત જાણ કરવાથી, જેથી બીજા માસથી તે મુજબ અંક મળતા થઈ જશે.–તંત્રી.

**BOOK POST**


તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.